જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૮/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૮૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૫૫ લીટર દેશી દારૂ, ૯૮૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૯૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૦૬ બીયર ટીન, ૦૧ કાર, ૦૧ ટ્રક અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૫,૫૧૬/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૮૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૮૨/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ અશ્વિનભાઈ લાલજીભાઈ પટેલ (ઉ.વ.૪૭)(રહે.અક્ષર પ્રથમ એપાર્ટમેન્ટ સિલ્વર સ્ટાર ચાર રસ્તા પાસે, ચાંદલોડીયા) એ તા.૨૧/૦૮/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અશોકભાઈ કસાના (રહે.ગામ–કાનાવાણી અહિંસા ખંડ–૨, દિલ્હી પબ્લિક સ્કુલ ઈન્દીરાપુરમ ગાઝિયાબાદ ઉત્તરપ્રદેશ) અને (૨) યોગેશભાઈ બલેશ્વર ચંદેલા (રહે. ગીરધરપુર સુનારસી નોઈડા જી.બી.નગર ઉત્તરપ્રદેશ) એ ભેગા મળી ડમ્પર ગાડી નંબર યુપી.૧૬.એફટી.૪૭૩૨ વેચાણ પેટે અશ્વિનભાઈ પટેલ પાસેથી કુલ રૂપિયા ૧૭,૦૦,૦૦૦/– આંગડીયા મારફતે મેળવી લઇ, ડમ્પર ગાડી નહી આપતા અશ્વિનભાઈ પટેલ એ આપેલ પૈસાની માંગણી કરતા આપેલ રૂપિયા પૈકી રૂપિયા ૨,૩૪,૫૦૦/– આપી, બાકી નિકળતા રૂપિયા ૧૪,૬૫,૫૦૦/– પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.ભુવા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૮૩/૨૦૨૫**

માધવપુરાઃ નટવરભાઈ પેથાભાઇ ચૌહાણ (ઉ.વ.૩૨)(રહે.અનવરનગરની ચાલી, રામલાલનો ખાડો, શાહપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પતરાંની છતમા લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ખુમાનસિંહ ફતેસિંહ ચલાવે છે. ક્સ

અમરાઈવાડીઃ સોનલબહેન વા/ઓ રશ્મિકાંત વાઘેલા (ઉ.વ.૪૪)(રહે.પહેલો માળ સાંઈબાબા વિભાગ–૦૧, જગદીશનગરની બાજુમાં હાટકેશ્વર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૫ સાંજના ૬/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પતરાની છતમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી